# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-07-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **ગંભીરા બ્રિજ જેવી દુર્ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે તકેદારીના ભાગરૂપે રાજ્યભરના તમામ પુલોની યુધ્ધના ધોરણે ચકાસણી.**
2. **કેન્દ્રીયજળશક્તિ મંત્રી સી.આર. પાટીલે કહ્યું કે, ભવિષ્યની પેઢી માટે ધનની જેમ જળ ભેગુ કરવું એ સમયની માંગ.**
3. **લોક અદાલતમાં સૌથી વધુ કેસોના નિકાલ માં સાડા ત્રણ લાખ કેસ સાથે સુરત જિલ્લો રાજ્યમાં પ્રથમ ક્રમે.**
4. **અમદાવાદમાં સર્જાયેલી વિમાન દુર્ઘટનામાં અવિરત પણે પોતાની ફરજ બજાવનારા સિવિલ હોસ્પિટલના વર્ગ-3 અને ચારના કર્મચારીઓનું સન્માન કરીને પ્રોત્સાહિત કરાયા.**
5. **બે દિવસના વિરામ બાદ ફરી વરસાદનું જોર વધ્યુ - છેલ્લા 24 કલાકમાં 105 તાલુકાઓમાં વરસાદ , આજે મધ્ય ગુજરાતમાં વરસાદની આગાહી.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# ROAD TESTING

રાજ્યભરના પુલોની ચકાસણી યુધ્ધના ધોરણે શરૂ થઈ છે. ગંભીરા બ્રીજની દુર્ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે સરકારે તકેદારીના ભાગરૂપે ચકાસણી શરૂ કરી છે. જે અંતર્ગત સુરત જિલ્લામાં પ્રાંત અધિકારીએ 11 પુલ સહિત ફુટ ઓવરબ્રિજો, નાળા અને ઓવરપાસ જેવા પુલોની તાત્કાલિક ચકાસણી કરી હતી અને વિગતવાર અહેવાલ જિલ્લા કલેકટરને સુપ્રત કર્યો હતો. આ સાથે જ સુરત મહાનગરપાલિકા દ્વારા સાઉથ ઝોન-બી વિસ્તારમાં સુરત-નવસારી રોડ ઉપર સાતવલ્લા જંક્શન પાસે રેલ્વે ઓવરબ્રિજના એપ્રોચને પેવરબ્લોક નાંખી મરામત કરવામાં આવ્યું.

વલસાડ શહેર અને લીલાપોર સહિત કોસ્ટલ વિસ્તારને જોડતા ઔરંગા નદીના પીચિંગ પાસેના પુલ પર મોટા વાહનોની અવરજવર બંધ કરવામાં આવી. આ સાથે જ **NH-56** પરના પાંચ મુખ્ય પુલ પણ બંધ કરવામાં આવ્યા.

ગાંધીનગર જિલ્લામાં આવેલા 90 પુલનું પાંચ ટીમો દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું. રાયપુર નર્મદા કેનાલ પર આવેલો પુલ પ્રાથમિક રીતે ભારે વાહનો માટે બંધ કરાશે. આજે આવનાર 11 પુલના રીપોર્ટ બાદ આખરી નિર્ણય લેવાશે.

---

# RAJKOT CR PATIL

રાજકોટ ખાતે જળ સંમેલન અને **12** હિટાચી મશીનનો શુભારંભ કેન્દ્રીય જળશક્તિમંત્રી સી.આર.પાટીલના હસ્તે કરવામાં આવ્યો. વરસાદી પાણીનો

જમીનમા સંગ્રહ વધુ થાય તે માટે લોકોએ જાગૃતતા કેળવવી પડશે તેવું સી.આર. પાટીલે લોકોને અપીલ કરી હતી. તેમણે પાણીના મહત્વ સમજાવતા કહ્યું હતું કે ભવિષ્યની પેઢી માટે ધન ભેગુ કરીએ છીએ પરંતુ હવે જળ પણ ભેગુ કરવુ જરૂરી બન્યું છે.

જળ સંચય માટે દરેકે યોગદાન આપવા પર પણ તેમણે ભાર મૂક્યો હતો. આપણે જળ સંચય માટે 31 મે સુધીમા દસ લાખ સ્ટ્રકચર તૈયાર કરવાનો ટાર્ગેટ હતો પણ 31 માર્ચના જ દિવસે દસ લાખ સ્ટ્રકચર પુરા થઇ ગયા અને 31 મે સુધીમાં 32 લાખ સ્ટ્રકચર પુરા થયા હોવાની પણ સી .આર. પાટીલે માહિતી આપી હતી.

**(બાઈટ – સી.આર.પાટીલ)**

---

# SURAT LOK ADALAT

લોક અદાલતમાં સૌથી વધુ કેસોનો નિકાલ કરવામાં સુરત જિલ્લો રાજ્યમાં પ્રથમ ક્રમે રહ્યો છે. ગઈકાલે યોજાયેલી લોક અદાલતમાં 1 લાખ 5 હજાર 554 કેસ રજૂ કરવામાં આવ્યા હતાં, જેમાંથી 1 લાખ 1 હજાર 559 કેસનો સમાધાનથી નિકાલ કરવામાં આવ્યો. ફોજદારી સમાધાન લાયક કેસો , નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ ૧૩૮ અન્વયેના કેસો , બેંક દાવાઓ, મોટર અકસ્માત દાવાઓ , શ્રમ સંબંધિત કેસો , વિજળી અને પાણી બિલ સંબંધિત વિવાદો , લગ્ન સંબંધિત તકરારો, તેમજ રેવન્યુ અને સિવિલ કેસોનો ઉકેલ લાવવામાં આવ્યો.

લોકઅદાલત દ્વારા આજ સુધી સાડા ત્રણ લાખથી વધુ કેસનો સમાધાનથી નિકાલ કરવામાં આવ્યો છે. આ સાથે જ મુખ્ય જિલ્લા ન્યાયાધીશે આગામી લોક અદાલતનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કર્યો છે.

---

## SK RAILWAY LINE

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્માથી અંબાજી રેલવે લાઈન વધારવા **FLS** અને **DPR** માટે કેન્દ્ર સરકારે **1.15** કરોડની ફાળવણી કરી છે. ખેડબ્રહ્માથી અંબાજી રેલવે લાઈન વધારવા સાબરકાંઠા સાંસદ શોભના બારૈયાએ રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ સમક્ષ અને લોકસભામાં નિયમ **377** અંતર્ગત રજૂઆત કરી હતી.

આ રજૂઆતના પગલે કેન્દ્ર સરકારે ફાઇનલ લોકેશન સર્વે અને વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ માટે **1.15** કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. આ સર્વે તપાસ રિપોર્ટ રજૂ થયા બાદ મંજૂરી મળશે તો ખેડબ્રહ્મા અને અંબાજી આવતા યાત્રિકોને રેલવેનો લાભ મળશે. સાથે દિલ્હી અને આબુ આવતા પ્રવાસીઓને પણ સીધો લાભ મળશે.

## બાઇટ- શોભના બારૈયા, સાંસદ, સાબરકાંઠા

---

# VISNAGAR ROAD

વિસનગર રેલ્વે સર્કલથી ડેપો તરફ જતા ઉભા માર્કેટની સામે ખુલ્લા ગેટની સામે બાંધેલ ફેન્સિંગ તાર દૂર કરી પેવર બ્લોક સામેનો રસ્તો ખોલવા વેપારીઓએ આરોગ્ય મંત્રી ઋષિકેષ પટેલ સમક્ષ રજૂઆત કરી હતી. આ માંગણીના અનુસંધાને આરોગ્ય મંત્રીએ સ્થળ સ્થિતિની ચકાસણી કરી હતી. જ્યાં વેપારીઓ ફેસિંગની સામે જ રસ્તો ખોલવા રજૂઆત કરી હતી.

આરોગ્ય મંત્રીએ સ્થળ ચકાસણી કર્યા બાદ તેમના કાર્યાલય પર વેપારી પ્રતિનિધિઓ સાથે મિટિંગ કરી તેમની માંગણી માટે યોગ્ય નિર્ણય લેવાનું જણાવ્યું હતું.

## બાઇટ- ઋષિકેષ પટેલ, આરોગ્ય મંત્રી

---

# CIVIL SANMAN

અમદાવાદમા એર ઇન્ડિયા પ્લેન ક્રેશ દુર્ઘટનાને એક મહિનો પૂર્ણ થયો. આ દુર્ઘટના બાદ સિવિલ હોસ્પિટલમાં બચાવ અને રાહત કામગીરી સહિતના વ્યવસ્થાપનમાં સરાહનીય કામગીરી કરનાર વર્ગ-૪ અને વર્ગ-૩ ના કર્મચારીઓનુ સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

અચાનક આવી પડેલા અને ક્યારેય ન જોયેલા આવા બનાવમાં સિવિલ હોસ્પિટલના દરેક સ્ટાફે રાતદિવસ જોયા વગર પોતાની નૈતિક ફરજ સમજી પોતાના ફરજના કલાકોની પરવા કર્યા વગર કામ કર્યુ હતુ.

તમામ ડેડ બોડીને કોલ્ડ બોક્ષમાં રાખવાથી લઇ તેને કોફીનમાં રાખી સગાને સોંપવા સુધીની કામગીરી કરનાર વર્ગ-૪ના પીએમ વિભાગમાં કામ કરતા કર્મચારીથી માંડી દર્દીના સગા સાથે શરુઆતથી અંત સુધી રહી તેમને સાંત્વના આપવામાં આવી હતી. તેમના સ્વજનનુ પાર્થિવ શરીર સોંપાય ત્યા સુધી તેમની સાથે રહેનાર પીઆરઓ તેમજ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફીસ કંટ્રોલ રુમ , પીએમ રુમ. ટ્રોમા સેન્ટર, વિવિધ વોર્ડ, બી.જે.મેડીકલ કોલેજ ખાતે કામ કરનાર વર્ગ ૩ અને વર્ગ ૪ના કર્મચારીઓની કામગીરીને બીરદાવવામાં આવી હતી. સિવિલ હોસ્પિટલ ખાતે આઉટ સોર્સિંગ એજન્સી દ્વારા વર્ગ -૩ અને વર્ગ ૪ના કુલ 450 જેટલા વિવિધ કર્મચારીઓને આ પ્રસંગે સર્ટીફીકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

---

# STATE RAIN

રાજ્યમાં ફરી પાછો વરસાદ સર્જાઇ રહ્યો છે. બે દિવસ વરસાદનું જોર ઘટ્યા બાદ ફરી પાછો વરસાદ વરસી રહ્યો છે. રાજ્યના 105 તાલુકાઓમાં છલ્લા ચોવિસ કલાક દરમિયાન વરસાદ વરસ્યો છે. જેમાં ભાવનગરના ઉમરાળા અને પાલીતાણા તાલુકાઓમાં ત્રણ ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો. જ્યારે બોટાદમાં પણ વરસાદ પડ્યો હતો . જેમાં જિલ્લાના બરવાળા અને ગઢડા તાલુકામાં બપોર બાદ વાતાવરણમાં પલટો આવ્યો અને ધોધમાર વરસાદ. વરસતા જાહેર માર્ગો ઉપર પાણી પાણી થઇ ગયા હતા..

બીજીતરફ હવામાન વિભાગે પણ આગામી ચાર દિવસ દરમિયન વરસાદની આગાહી કરી છે. બે દિવસ દરમિયાન સાબરકાંઠા , અરવલ્લી, મહીસાગર, દાહોદ

અને, પંચમહાલમાં તેમજ સૌરાષ્ટ્રમાં અમરેલી અને ભાવનગરમાં  ભારે વરસાદની હવામાન વિભાગે શક્યતા દર્શાવી છે..

---

# PORBANDAR SUCCESS STORY

પોરબંદર જિલ્લામાં તાજેતરમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. ત્યારે ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે બાલવાટીકામાં **3021** બાળકો વધ્યા છે. પોરબંદર જિલ્લામાં આ વર્ષે બાલવાટીકામા **5653** બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો. તો ગત વર્ષે જિલ્લાની બાલવાટીકામા **2632** બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

આમ ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે પ્રવેશોત્સવમાં જિલ્લાની બાલવાટીકાઓમાં  બાળકોએ વધુ પ્રવેશ મેળવ્યો હોવાનું જીલ્લા શિક્ષણાધિકારી વિનોદ પરમારે જણાવ્યું હતું.

## બાઇટ – વિનોદ પરમાર (જિલ્લા શિક્ષણઅધિકારી)

---